ॐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત ||



# ગાયત્રી ચાલીસા

## ભાવાર્થ સાથે



હ્રીં, શ્રીં, ક્લીં, મેધા, પ્રભા, જીવન જ્યોતિ પ્રચંડ ।
શાન્તિ, કાન્તિ, જાગૃતિ, પ્રગતિ, રચના શક્તિ અખંડ ॥

॥ દોહા ॥

ભાવાર્થ :-

હે મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલીરૂપે રહેલા
ગાયત્રી !
તમો મેધાશક્તિ પ્રતિભા અને
અમારા જીવનને જ્યોતિ-રૂપે પ્રગટાવનારા છો.
શાન્તિ આપનારા, ક્રાન્તિ ઉપજાવનારા,
જાગૃતિ પ્રગટ કરાવનારા, પ્રગતિ કરાવનારા અને
અખંડ શક્તિ આપનારા તમે જ છો.

ॐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા

# ભાવાર્થ સાથે




જગત જનનિ, મંગલ કરનિ, ગાયત્રી સુખધામ |
પ્રણવોં સાવિત્રી, સ્વધા, સ્વાહા, પૂરન કામ ||

|| દોહા ||

ભાવાર્થ :-

જગતની જનેતા-રૂપ મંગલ કાર્યો કરાવનારા
એવા સુખોના ધામ રૂપી હે ગાયત્રી માતા !
ઓઁકાર-રુપે રહેલા સાવિત્રી, સ્વયં ધારણ કરનાર,
યજ્ઞ કાર્યોમાં સ્વાહા દ્વારા થતાં
દરેક કાર્યોને પૂર્ણ કરનારા
ગાયત્રીને હું ભજું છું.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



ભૂર્ભુવઃ સ્વઃ ૐ યુત જનની ।
ગાયત્રી નિતં કલિમલ દહની ।। 1

**ભાવાર્થ :**

પૃથ્વી, પાતાળ અને સ્વર્ગમાં
જ્યાં જ્યાં ૐકારનું સ્થાન છે,
તે સઘળા ૐકારમાં
આપ માતા ગાયત્રીરૂપે વસી રહ્યાં છો
અને નિત્ય કાળનુ
વહન અને દહન કરો છો.

ૐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે




## અક્ષર ચૌવિસ પરમ પુનિતા ।
## ઇનમેં બસેં શાસ્ત્ર, શ્રુતિ, ગીતા ।। 2

**ભાવાર્થ :**

આપના (ગાયત્રીના) જે ચોવીસ અક્ષરો છે,
તે પરમ પુનિત હોવાથી પૂણ્યને આપનારા છે કે
જેમાં બધાં જ શાસ્ત્રોનો, શ્રુતિઓનો અને
ગીતાનો સમાવેશ થઇ જાય છે કે
જેથી જો કોઇ માણસ બધા શાસ્ત્રો શ્રુતિઓ કે
ગીતા ન વાંચી શકે તો પણ
જો આપનાગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોનું રટણ કે
જપ કરે તો તેને બધાં જ શાસ્ત્રો અને શ્રુતિઓનું તથા
ગીતાનું જ્ઞાન થાય છે
અને તેના અધ્યયન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે.

ॐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



શાશ્વત સતોગુણી સતરૂપા |
સત્ય સનાતન સુધા અનૂપા || 3

**ભાવાર્થ :**

જે ચોવીસ અક્ષરો
યાવદ્-ચંદ્રદિવાકરૌની જેમ શાશ્વત
અને
સત્વગુણોથી ભરેલાં,
સનાતન ધર્મને સત્યનો
માર્ગ ચિંધે તેવા અમૃતતુલ્ય
માર્ગ બતાવનારા છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



હંસારુઢ સિતમ્બર ધારી |
સ્વર્ણ કાન્તિ શુચિ ગગન બિહારી || 4

**ભાવાર્થ :**

હંસ ઉપર બેસીને
જયારે તમારી સવારી નીકળતી હોય છે,
ત્યારે આપ પિતાંબર ધારણ કરેલાં
સુવર્ણની કાન્તિ સમાન લાગો છો,
અને ગગન મંડળમાં વિહાર
કરતાં જણાવ છો.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



## 5

પુસ્તક પુષ્પ કમંડલુ માલા |
શુભ્ર વર્ણ તનુ નયન વિશાલા ||

**ભાવાર્થ :**

તમારા એક હાથમાં પુસ્તક,
બીજા હાથમાં પુષ્પ,
ત્રીજા હાથમાં કમંડલ અને
ચોથા હાથમાં માળાથી આપ શોભી રહ્યાં છો,
તે વખતે દિવ્ય અને સુંદર નયનો ચળકતાં
અને વિશાળ લાગે છે અને
આપનો વર્ણ અને રૂપ ઘણું
દેદીપ્યમાન લાગે છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



ધ્યાન ધરત પુલક્તિ હિય હોઇ |
સુખ ઉપજત દુઃખ દુરમતિ ખોઇ || 6

**ભાવાર્થ :**

આપનું આવું ધ્યાન ધરવાથી
અમારું હ્રદય ઘણું જ પુલકિત થઇ જાય છે,
અમારા હ્રદયમાં ઘણો જ હરખ ઉત્પન્ન થાય છે,
આનંદ પ્રાપ્ત થાય છે.
દુઃખો, દુરમતિઓ કે ખરાબ વૃત્તિઓનો
નાશ થઇ જાય છે, અને
સુખ ઉત્પન્ન થઇને
સંપત્તિની પ્રાપ્તિ થાય છે



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



કામધેનુ તુમ સુર તરુ છાયા |
નિરાકાર કી અદ્દભુત માયા ||

7

**ભાવાર્થ :**

તમારી છાયામાં રહેનારની
દરેકે દરેક મનોકામનાઓ કલ્પવૃક્ષ કે
કામધેનુની જેમ દરેક ઇચ્છિત કામનાઓ
પુર્ણ થાય છે. તથા તમો નિરાકાર હોવા છતાં
તમારી માયાનો કોઇ પાર નથી,
તમારી માયા એવી અદ્દભુત છે કે
જે નજરે દેખાતી ન હોવા છતાં પણ
અનુભવી શકાય છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



તુમ્હારી શરણ ગ્રહે જો કોઇ |
તરે સકલ સંકટ સોં સોઇ || 8

**ભાવાર્થ :**

જે કોઇ પણ વ્યક્તિ
તમારા શરણે આવે છે,
તે દરેક સંકટો અને દુઃખોથી મુ
કત થઇને તરી જાય છે
અને સુખેથી, શાન્તિ
જીવન જીવી શકે છે.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



સરસ્વતી લક્ષ્મી તુમ કાલી |
દિપૈ તુમ્હારી જ્યોતિ નિરાલી ||

9

**ભાવાર્થ :**

તમો જ સરસ્વતી છો,
તમો જ લક્ષ્મી છો, અને
મહાકાલી પણ તમે જ છો,
તે દરેકમાં નિરનિરાળી જુદા જુદા રુપે
ત્રણે સ્વરૂપમાં
આપની જ જ્યોતિઓ
ઝગમગે છે,
દિપી ઉઠે છે.

ૐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



10

તુમ્હારી મહિમા પાર ન પાવૈં |
જો શારદ શત મુખ ગુન ગાવૈં ||

**ભાવાર્થ :**

તમારી મહિમાનો કોઇ પાર જ નથી,
તે એવી પાર વગરની છે કે
જો તે અનેક મુખો દ્વારા પણ
ગુણો ગાતાં જ રહીએ તો પણ
તેનો આરો આવી શકે તેમ નથી.
તે તો અપરંપાર જ છે.

ૐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ||




# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



ચાર વેદકી માતુ પુનિતા |
તુમ બ્રહ્માણી ગૌરી સીતા || 11

**ભાવાર્થ :**

તમો ચારે વેદની
(ઋગ, યજુ, સામ અને અથર્વ વેદની)
માતા છો, વેદોની જનની છો.
તમો જ બ્રહ્માણી છો,
તમો જ ગૌરી છો અને
સિતા રુપે પણ તમે જ છો.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



**12**

મહામન્ત્ર જિતને જગ માહીં |
કોઊ ગાયત્રી સમ નાહીં ||

**ભાવાર્થ :**

આ જગતમાં જેટલાં
મહા મંત્રો ગણાતા હોય,
તેમાં તમારા સમાન
(ગાયત્રી મંત્ર સમાન)
કોઇ પણ મહા-મંત્ર હતો નહીં,
અને થશે પણ નહીં.
તેવા આપ મહા-મંત્ર (ગાયત્રી મંત્ર) છો.
એટલે કે બધાં જ મંત્રોના
શિરોમણી-રુપે ગણાઓ છો.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



સુમિરત હિય મે જ્ઞાન પ્રકાશૈ |
આલસ પાપ અવિદ્યા નાસૈ ||

13

**ભાવાર્થ :**

આ મહા-મંત્ર (ગાયત્રી મંત્ર) નું
હૃદયમાં સ્મરણ કરવાથી,
હૃદયમાં ધ્યાન ધરવાથી
સઘળાં જ્ઞાનનો પ્રકાશ થાય છે, અને
તેનાથી આળસ, પાપ અને
અવિદ્યાનો નાશ થાય છે,
સ્ફુર્તિ પ્રાપ્ત થાય છે,
પૂણ્ય અને વિદ્યાનો ઉદય થાય છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



સૃષ્ટિ બીજ જગ જનનિ ભવાની ।
કાલરાત્રિ વરદા કલ્યાણી ॥ 14

**ભાવાર્થ :**

સૃષ્ટિના બીજ-રૂપે,
જગતની જનની-રૂપે,
તમો ભવાની ગણાઓ છો;
કાલ રાત્રીને પણ વરદાન આપીને
કલ્યાણકારી કરો છો.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



**15**

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સુર જેતે ।
તુમ સોં પાવેં સુરતા તેતે ॥

**ભાવાર્થ :**

બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર વગેરે
જે જે બળવાન અને
શુરવીરો ગણાય છે,
તે તે સઘળાં તમારાથી જ
શુરવીરતા અને વિજયને પામે છે.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



તુમ ભક્તન કી ભકત તુમ્હારી |
જનનિહિં પુત્ર પ્રાણ તે પ્યારે ||

16

**ભાવાર્થ :**

તમો ભકતના છો,
તે જ રીતે ભકતો પણ તમારા જ છે,
જેથી તમારા પુત્રો જેમ માતાને
પોતાનું બાળક પ્રાણથી પણ પ્યારું હોય
તે રીતે તમારા ભકતોને
તમો પ્રાણથી પણ પ્યારા ગણો છો
અને તમારા ભક્તો તમોને પણ
પ્રાણથી પ્યારા ગણે છે.

ૐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે




17

મહિમા અપરમ્પાર તુમ્હારી |
જય જય જય ત્રિપદા ભયહારી ||

**ભાવાર્થ :**

હે માતા ગાયત્રી !
તમારી મહિમાનો તો કોઇ પાર જ નથી
તમારી મહિમા અપરંપાર ગણાય છે.
હે માતા ત્રિપદા ગાયત્રીજી !
ભયને હરણ કરનારા,
પૃથ્વીમાં દરેક ઠેકાણે તમારો જ્યાં જયાં
જય જયકાર થતો જણાય છે,
ત્યાં ત્યાંથી ભય ભાગી જાય છે.

ॐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



પૂરિત સકલ જ્ઞાન વિજ્ઞાના |
તુમ સમ અધિક ન જગમેં આના || 18


**ભાવાર્થ :**

આખી પૃથ્વીનું પૂરેપૂરું અને
બધું જ જ્ઞાન કે વિજ્ઞાન એ
બધું જ તમે જ છો.
તમારાથી વધીને મારા માટે
બીજું કોઇ પણ જ્ઞાન
મને વધારે લાગતું નથી. તેમજ
વિજ્ઞાન પણ તમારાથી મોટું લાગતું નથી.
જગતમાં તમો જ મારું સર્વ જ્ઞાન અને વિજ્ઞાન છો.

ૐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે




19

તુમહિં જાની કછુ રહૈ ન શેષા |
તુમહિં પાય કછુ રહૈ ન કલેષા ||

**ભાવાર્થ :**

હે માતા ગાયત્રી !
ફકત તમને એકને જ જાણી લેવાથી
શેષ બાકી જાણવાનું કાંઇ પણ રહેતું નથી,
અને તમને પામવાથી
કોઇ પણ જાતનો મા
નસિક કે શારીરિક કલેશ, કંકાસ કે
અસંતોષ રહેવા પામતો નથી.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



જાનત તુમહિ, તુમહિં હૈ જાઇ |
પારસ પરસિ કુધાતુ સુહાઇ ||

20

**ભાવાર્થ :**

તમને જાણવાથી જ
તમારામય બની જ્વાય છે,
જેવી રીતે પારસમણીના
સ્પર્શથી લોઢા જેવી હલકી ધાતુ પણ
શુદ્ધ સુવર્ણ-સોનામાં ફેરવાઇ જાય છે-
તે સોનું બની જ જાય છે,
તેમ તમને પામવાથી તમારામય જ
(ગાયત્રીમય જ) બની જ્વાય છે,
તમારામાં જ યુકત થઇ જ્વાય છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



તુમ્હારી શક્તિ દિપૈ સબ ઠાઇ |
માતા તુમ સબ ઠૌર સમાઇ || 21

**ભાવાર્થ :**

તમારી અદભુત જ્યોતિ શક્તિ
સઘળે ઠેકાણે દિપી રહી છે.
જગતનું એવું કોઇ સ્થળ નથી કે
જ્યાં તમારી શક્તિનો પ્રકાશ ન પહોચતો હોય.
સઘળે ઠેકાણે તમારી દિવ્ય શક્તિ
ભરેલી જ રહે છે. હે માતા ગાયત્રી !
તમો વિશ્વમાં પૃથ્વી, પાતાળ અને આકાશમાં
સઘળે ઠેકાણે સમાયેલાં છો.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



22

ગ્રહ નક્ષત્ર બ્રહ્માણ્ડ ઘનેરે |
સબ ગતિવાન તુમ્હારે પ્રેરે ||

**ભાવાર્થ :**

વિશ્વના સઘળાં ગ્રહો
અને નક્ષત્રો તથા
આખું બ્રહ્માંડ જે છે,
તે તમારા થકી જ પ્રેરાઇ અને
ગતિ કરે છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે




સકલ સૃષ્ટિકી પ્રાણ વિધાતા |
પાલક પોષક નાશક ત્રાતા ||

23

**ભાવાર્થ :**

તમો આખી સૃષ્ટિને
પ્રાણ આપનાર વિધાતા છો.
આપની વિવિધ પ્રકારની
ત્રણે શક્તિથી તેનું પાલન કરો છો,
પોષો પણ છો અને તેનો નાશ પણ
કરીને તેને તારો પણ છો.

ૐ ભૂર્ભુવ:સ્વ: તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો ન: પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



માતેશ્વરી દયા વ્રતધારી |
તુમ સન તરે પાતકી ભારી || 24

**ભાવાર્થ :**

હે માતેશ્વરી માતા ગાયત્રી !
તમો દયાના વ્રતધારી છો-
મહા દયાવાન છો.
મહાન પાપી કે મહાન ઘાતકી પણ
તમારા શરણે આવ્યો હોય,
તો પણ તમો તમારી દયા વર્ષાવો છો
અને તેને પાપમાંથી કે
પાતકમાંથી ઉગારો છો.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



25

જાપર કૃપા તુમ્હારી હોઇ |
તાપર કૃપા કરેં સબ કોઇ ||

**ભાવાર્થ :**

જેના પર તમારી કૃપા થાય છે,
તેના પર પૃથ્વીના
સઘળાં લોકો કૃપા વર્ષાવતા રહે છે.
તમારી કૃપા મળવાથી જ
સઘળાંની કૃપા તેને પ્રાપ્ત
થયા જ કરે છે.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



મંદ બુદ્ધિ  તે બુદ્ધિ બલ પાવેં |
રોગી રોગ  રહિત હો જાવેં   ||

26

**ભાવાર્થ :**

કોઇ પણ વ્યક્તિ ગમે તેવી મંદ બુદ્ધિવાળો હોય,
ઓછી બુદ્ધિવાળો હોય, વિદ્યા અભ્યાસમાં નબળો હોય,
કે ભલે પાગલ કે ગાંડા જેવો હોય,
તો પણ તે આપની શરણમાં આવે કે
આપના મહામંત્ર ગાયત્રીનું રટણ કે જપ કરે
તો તે બળવાન બુદ્ધિવાળો થઇ જાય છે
અને વિદ્યાભ્યાસમાં સફળતા મેળવતો જાય છે.
ગાંડા જેવો કે પાગલ જેવો હોય તો તે ડાહ્યો બની જાય છે.
તે ગમે તેવો રોગી હોય તો તે રોગથી મુક્ત થાય છે,
બધાં જ રોગો મટી જાય છે.

ॐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



**દારિદ્ર મિતૈ કટૈ સબ પીરા ।**
**નાસૈ દુઃખ હરૈ ભવ ભીરા ||**

**27**

**ભાવાર્થ :**

ગમે તેવો દારિદ્રી કે નિર્ધન હોય
અથવા કોઇ પણ જાતની પીડા ભોગવતો હોય,
તે જો તમારા શરણે આવે છે,
તો તેના ભવોભવના દુઃખો, દારિદ્રો અને
પીડાઓ નાશ પામે છે, અને
સુખી તથા સંપત્તિવાન અને ધનવાન બની જાય છે.
તેથી તે અન્યના દુઃખો અને દારિદ્રો ઓછા કરવાની
શક્તિ ધરાવતો થઇ જાય છે,
તેમાં જરાય શંકાને સ્થાન નથી.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



ગૃહ કલેશ ચિત ચિન્તા ભારી |
નાસૈ ગાયત્રી ભય હારી ||

28

**ભાવાર્થ :**

ઘરમાં કોઇ પણ પ્રકારના
કલેશ કંકાસ કે ચિંતાથી ઘેરાયેલો હોય,
પતિને-પત્ની કે પત્નીને-પતિ કંકાસ કે
કજીયાખોર પ્રાપ્ત થયા હોય,
કુટુંબોમાં કજીયા-કંકાસ થતા રહેતા હોય,
તો તમારું ગાયત્રીનું સ્મરણ, રટણ અને
ચિંતન ચાલુ કરવાથી ભય, કલેશ, કંકાસ કે
ચિંતા વગેરે ભાગી જાય છે,
નાશ પામે છે.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



સંતતિ હીન સુસંતતિ પાવેં |
સુખ સંપત્તિ યુત મોદ મનાવેં || 29

**ભાવાર્થ :**

તમારું રટણ કરવાથી
સન્તાનહીન હોય, સન્તાનો થઇને મરી જતાં હોય,
કે સન્તાન વગરના હોય,
તેને સારા સન્તાનોની પ્રાપ્તિ થાય છે.
ઉપરાંત તેને સુખ અને
સંપત્તિની પણ પ્રાપ્તિ થાય છે અને
તે સંપત્તિથી તેઓ ઘણાં જ સારા કાર્યો
કરતાં થઇ જાય છે, તથા
ગાયત્રી અર્થે તે ધર્મ, દાન, પૂણ્ય કરતાં રહે છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



ભૂત પિશાચ સબૈ ભય ખાવૈં ।
યમ કે દૂત નિકટ નહિં આવૈં ।। 30

**ભાવાર્થ :**

જો કોઇ ભૂત પ્રેતના વળગાડથી
પીડાતો હોય અને તે જો ગાયત્રી મંત્રનું રટણ કે
જપ કરે તો ભૂત કે પિશાચ ગાયત્રીનું રટણ,
જપ, અને સ્મરણ કરવાથી
ભયભીત થઇને ભાગી જાય છે.
ભૂત, પ્રેતથી પીડાતો માનવી તેની પીડાથી
મુકત થાય છે, ગાયત્રીના જપ કરનાર પાસે
ભૂત, પ્રત આવતા નથી. અને યમરાજના દૂત્તો
પણ તેની નજીક આવી શકતા નથી.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



જો સધવા સુમિરેં ચિત લાઇ ।
અક્ષત સુહાગ સદા સુખદાઇ ।। 31

ભાવાર્થ :

જે સૌભાગ્યવતી સ્ત્રી આપનો,
આ ગાયત્રી ચાલીસાનો એકચિંતે અને
એકાગ્ર મન રાખીને પાઠ કરે છે,
તે સદાય પોતાના પતિનું અખંડ સૌભાગ્ય
પ્રાપ્ત કરી શકે છે. તેને સૌભાગ્યની કે
સુખની અછત આવતી નથી
અને સદાય સુખ ભોગવે છે.

ॐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



ઘર વર સુખ પ્રદ લહૈં કુમારી |
વિધવા રહેં સત્ય વ્રત ધારી ||

32

**ભાવાર્થ :**

જો કુંવારી કન્યાઓ
આ ગાયત્રી ચાલીસાનો પાઠ કરે
તો તેને સુંદર વર,
સુંદર ઘર અને
સુંદર સુખદાયક સાસરું મળે છે.
જો વિધવા સ્ત્રી પણ
આ ગાયત્રી ચાલીસાનો પાઠ કરે,
તો તેનું શીલ અને સત્ય જળવાઇ રહે છે.
તેને કોઇ હેરાન પરેશાન કરી શકતું નથી.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



જયતિ જયતિ જગદમ્બ ભવાની |
તુમ સમ ઔર દયાલુ ન દાની ||

33

**ભાવાર્થ :**

હે માતા ગાયત્રી !
તમો જગદમ્બા ભવાની છો,
જેથી તમારો જય જયકાર હોઅ,
કારણ કે તમારા સમાન,
તમારા જેવા દયાળું,
દાની કે ઉદ્ધાર,
આ વિશ્વમાં મને કોઇ જણાતું નથી.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



જો સદ્ગુરુ સોં દીક્ષા પાવેં ।
સો સાધન કો સફલ બનાવેં ॥ 34

**ભાવાર્થ :**

જો કોઇ સદ્ગુરુ દ્વારા
તમારી ગાયત્રીની દીક્ષા
ગ્રહણ કરવામાં આવે,
તો તે સઘળા સાધનોને સફળ બનાવે છે
અને તેની સાધના સફળ થાય છે.
કદાચ સદ્ગુરુ ન મળે તો ગુરૂ રૂપે તમને જ,
ગાયત્રીને જ ગુરુ માનીને સાધના કરે
તો પણ તે સાધના સફળ થાય છે.

ॐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



સુમિરન કરે સુરુચિ બડભાગી ।
લહૈં મનોરથ ગ્રહી વિરાગી ॥ 35

**ભાવાર્થ :**

જો કોઇ ભાગ્યવાન સારી ઇચ્છા રાખીને આપનું સ્મરણ કરે, તો તેના સઘળાં મનોરથો પાર પડીને વૈરાગ્યને અને મુક્તિને પામે છે.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



## 36

અષ્ટ સિદ્ધિ નવનિધિ કી દાતા ।
સબ સમર્થ ગાયત્રી માતા ॥

**ભાવાર્થ :**

હે માતા ગાયત્રી !

તમો આઠે પ્રકારની સિદ્ધિઓ

1. અણિમા,
2. મહિમા,
3. લઘિમા,
4. પ્રાપ્તિ,
5. પ્રકાશ્ય,
6. વશિતા, અથવા શ્રુતદ્રષ્ટ શક્તિપ્રેરણ,
7. મૂર્તિ,
8. ઇશિતા.

**આ આઠ પ્રકારની સિદ્ધિઓ ગણાય છે તે તથા નવ પ્રકારની નિધિઓ સઘળું આપવા માટે સમર્થ છો.**



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



ઋષિ, મુનિ, જતી, તપસ્વી, જોગી ।
આરત, અર્થી ચિન્તિત ભોગી ॥

**37**

**ભાવાર્થ :**

અને એટલાં માટે જ
સર્વે સિદ્ધિઓને આપવા
આપ સમર્થ હોવાથી
આપને ઋષિ-મુનિ, તપસ્વી, જોગી,
દુઃખી ધનની ઇચ્છાવાળા
ચિન્તામાં પડેલા કે ભોગી લોકો પણ
તમારું સ્મરણ કરે છે.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



જો જો શરણ તુમ્હારી આવેં |
સો સો મન વાંછિત ફલ પાવેં || 38

**ભાવાર્થ :**

જે જે લોકો તમારી શરણમાં આવે છે,
તે તે સઘળા લોકોની પોતાની
મનવાંચ્છિત ઇચ્છાઓ પૂરી થવાથી
તે તે ઇચ્છાઓનું ફળ
તેઓ પ્રાપ્ત કરતાં હોય છે.



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



39

બલ બુદ્ધિ વિદ્યા શીલ સ્વભાઊ |
ધન વૈભવ યશ તેજ ઉછાઊ ||

**ભાવાર્થ :**

અને આપના સ્મરણ રટણ, જપ, અનુષ્ઠાનોથી બળમાં, બુદ્ધિમાં, વિદ્યામાં, પ્રતિષ્ઠામાં અને સારા સ્વભાવમાં વધારો થવાથી તેને ધન વૈભવ, યશ, તેજ અને પ્રતિભામાં વધારો થાય છે.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



સકલ બઢૈં ઉપજૈં સુખ નાના |
જો યહ પાઠ કરૈ ધરિ ધ્યાના || 40

**ભાવાર્થ :**

જો કોઇ
આ ગાયત્રી ચાલીસાનો પાઠ એકચિત્તે અને
ધ્યાન ધરીને કરે,
તો તેના નાનાં કે મોટાં એમ બધાં જ સુખોમાં
વધારો થતો રહે છે.
એમાં શંકાને સ્થાન નથી.

ૐ ભૂર્ભુવઃસ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ||



# ગાયત્રી ચાલીસા ભાવાર્થ સાથે



યહ ચાલીસા ભક્તિ યુત, પાઠ કરૈ જો કોય |
તાપર કૃપા પ્રસન્નતા ગાયત્રી કી હોય ||

**ભાવાર્થ :**

આ ગાયત્રી ચાલીસાનો
પાઠ જે કોઇ વ્યક્તિ પૂર્ણ ભક્તિ અને
શ્રદ્ધા રાખીને કરશે,
તેના પર માતા ગાયત્રીની
સદા સર્વદા કૃપા અને
પ્રસન્નતા કાયમ રહેશે.




## અંધારામાં પ્રકાશ પાડનાર વેદમાતા શ્રી ગાયત્રી દેવી




## -: ભાવાર્થ :-

હે રક્ષક ! પ્રાણધાર ! દુ:ખનાશક ! આનંદદાયક !

અમો તમારા સુંદર દિવ્ય અને

તેજોમય સ્વરૂપનું ધ્યાન ધરીએ છીએ

તમોને વરીએ છીએ ( અમારી જાતને અર્પણ કરીએ છીએ)

જેથી અમારી બુદ્ધિમાં તમારૂં જ્ઞાન સ્થિર થાવ.

**ૐ શાંતિ: શાંતિ : શાંતિ:**